### ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે ગામની પાણી સમિતિને જળ-કળશ, એસઓપી સાથે પ્રમાણપત્ર એનાયત કર્યું

# જાંબુડામાં ઉજવાયો જળ અર્પણ દિવસઃ જળ સંરક્ષણ માટે ગ્રામજનોએ લીધો સંકલ્પ



જામનગર જિલ્લાના જાંબુડા ગામે ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'જલ અર્પણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા "જળ બચાવો-જીવન બચાવો" જેવા પ્રેરણાદાયી નારાઓ સાથે જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. જેના દ્વારા ગામમાં જળ સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામજનો દ્વારા પાણીના સંરક્ષણ અને સંચય માટે સંકલ્પ લઈ જળ બચાવવા માટે શપથ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા ગામની જળ કળશ પ્રમાણપત્ર તથા આંતરિક પાણી વિતરણ યોજના સુચારૂ રીતે અમલમાં રહે તે માટેની કાર્યપદ્ધતિ અર્પણ કરવામાં આવી હતી. જળ સંચય અને જળ શક્તિના સદુપયોગ દ્વારા ગ્રામ વિકાસને નવી દિશા આપવાનો આ પ્રયાસ સ્તુત્ય હોવાનું જણાવી ઉપસ્થિત ગ્રામજનોએ પણ જળ સંરક્ષણ માટે સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ગામના આગેવાનો, સરપંચ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીનો નિર્ણયઃ ગૂડ ગવર્નન્સ હેઠળ જિલ્લા ભૂમિ સીમાંકન સમિતિ થશે કાર્યરત

# ગુજરાતમાં પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારવા રાજ્યવ્યાપી સમાન પદ્ધતિ અમલી

**કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાઓમાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત થશેઃ પ્રમોલગેશન પછી આવેલી ક્ષતિ સુધારણા અરજીઓના આયોજનબદ્ધ નિકાલ માટે સાત કેટેગરી નિયત કરવામાં આવીઃ ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોના ત્વરિત નિવારણ માટે મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ નિયમ અનુસાર કાર્યવાહી કરી નિવારણ લાવશે**

*જામનગર તા.૧૨: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ નાગરિકો અને ખેડૂતો માટે મહત્વનો પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારણા માટે સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ નિકાલ ભૂમિ સીમાંકનથી કરાશે.*

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રમોલગેશન થયેલા ગામોમાં માપણી અંતર્ગત રહી ગયેલી ક્ષતિઓની સુધારણાની અરજીઓનો એકસમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ ધોરણે નિકાલ હાથ ધરવા માટે ભૂમિ સીમાંકન માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો મહેસુલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા છે.


ખેતીની જમીનોની માપણીમાં પ્રમોલગેશન પછી ખેડૂતોની વાંધા અરજીઓનો નિકાલ પારદર્શક અને ચોકસાઈપૂર્વક રીતે કરીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા સાથે ગ્રામીણ ખેડૂતોના હિતોની રક્ષા કરવાનો ખેડૂત કલ્યાણલક્ષી અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્ણયથી અપનાવ્યો છે.

તેમણે ભૂમિ સીમાંકન અંતર્ગત રાજ્યના જિલ્લાઓમાં કલેકટરની અધ્યક્ષતામાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત કરવા અને જિલ્લાની ભૂમિ સીમાંકન કામગીરીની સમીક્ષા કરવાની સૂચનાઓ આપી હતી.

આવી જિલ્લા સ્તરીય સમિતિમાં કલેકટર ઉપરાંત નિવાસી અધિક કલેક્ટર, જીર્ઈ/નાયબ નિયામક જમીન દફતર, પ્રાંત અધિકારી, ડીઆઈએલઆર, મામલતદાર, ટીડીઓ, જમીન સંપાદન અધિકારી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી કે અન્ય સંપાદક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે.

ભૂમિ સીમાંકન અંતર્ગત પ્રમોલગેશન બાદ માપણીની ક્ષતિ સુધારણા માટે આવેલી અરજીઓના આયોજનબદ્ધ અને સુચારૂં નિવારણ માટે મુખ્યમંત્રીના દિશાનિર્દેશોને પગલે મહેસુલ વિભાગ દ્વારા સાત જેટલી અલગ-અલગ કેટેગરી નિયત કરવામાં આવી છે.

તદ્ અનુસાર, (૧) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા ઉપસ્થિત થયેલ ન હોય (૨) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા કોઈ વાંધા બાકી ન હોય તથા કોઈ ખાતેદારને વાંધો ન હોય (3) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ ન હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (3બ) સરકારી/જાહેર હિતની જમીનોમાં ઘટાડો થયેલ હોય તથા વાંધા અરજીઓ પેન્ડિંગ હોય (૪) ગામના 30%થી વધારે સરવે નંબરોમા કબ્જા ફેરફાર(અવલ-દવલ) (૫) ગામના વાંધાઓ એક વિસ્તાર સુધી સિમીત હોય (૬) 30%થી વધુ નંબરોમાં ક્ષેત્રફળમાં ફેરફાર તથા કાસ્કેડીન્ગ(ઝહજઝહૃૈહખ) ઈફેક્ટ તથા આકૃતિમાં વધુ ફેરફાર (૭) પ્રમોલગેશન થયેલ ન હોય - જેવી કેટેગરી નિયત કરવામાં આવેલી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરાએ નિવારણ થાય એટલું જ નહિ, રજૂઆતકર્તાને કચેરીએ જવું જ ન પડે તે માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદારોને વધુ સત્તાધિકારો આપીને મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ દ્વારા ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ ૧૧૯, ૧૨૦ તેમજ જમીન મહેસુલ નિયમ, ૧૯૭૨ના નિયમો ૨૧(૧), ૨૧(૨) અને ૨૧(3) મુજબ કાર્યવાહી કરીને નિવારણ લાવવા પણ સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીએ આવા માપણી ક્ષતિ સુધારણાના મહત્તમ પ્રશ્નોનું નિરાકરણ ભૂમિ સીમાંકનમાં રાજ્યભરમાં એકસમાન કાર્યપદ્ધતિએ ઝડપી અને પારદર્શી રીતે લાવીને લોકોને સુશાસનની સચોટ અને અસરકારક અનુભૂતિ થાય તેવી કામગીરી માટે મહેસુલ વિભાગને સૂચનાઓ આપી છે.

### યુદ્ધની સ્થિતિ વચ્ચે શીપીંગ કંપનીઓએ ભાડા વધારતા

# ગુજરાતમાંથી નિકાસ માટે તૈયાર ૩૦૦ કન્ટેનર અટવાયાઃ વેપારીઓને આર્થિક ફટકો

*અમદાવાદ તા. ૧૨: યુદ્ધની સ્થિતિ વચ્ચે શીપીંગ કંપનીઓએ ભાડા વધારતા નિકાસ માટે તૈયાર ૩૦૦ કન્ટેનર અટવાયા હોવાની ગુજરાતના વેપારીઓને મોટો આર્થિક ફટકો પડશે.*

ઈરાન-ઈઝરાયલ, અમેરિકા વચ્ચે દસેક દિવસથીચાલી રહેલા યુદ્ધની વિપરીત અસર ઉત્તર ગુજરાતના વેપાર પર પડી છે. આ વિસ્તારમાં સૌથી વધુ ઉત્પાદનથતા મસાલા પાક,ઈસબગુલ, બટાટા સહિતની ખાદ્ય વસ્તુઓ દર વર્ષે અમેરિકા અનેગલ્ફના દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે પરંતુ યુદ્ધના પગલે હાલમાં શીપીંગ કંપનીઓએ એકાએક ભાડાઓમાં તોતીંગ વધારો કરી દીધો છે જેના લીધે એક્સપોર્ટરોના જુદાજુદા માલ સામાનના ૨૦૦થી ૩૦૦ કન્ટેનર શીપીંગ યાર્ડ પર અટવાઈને પડ્યા છે.

આ ઉપરાંત બટાટાનું પણ વિદેશમાં થતા નિકાસની ગતિ અટકી પડી હોવાથી તેના ભાવ સાવ તળીયે જતા ખેડૂતો અને વેપારીઓને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધથી દસ દિવસથી તણાવભરી સ્થિતિ ગલ્ફનાદેશોમાં વિમાની સેવા તેમજ શીપીંગ સેવાઓઉપર અસર જોવા મળી રહી છે. અનેક દેશોમાં આંતરરાષ્ટ્રીય ફલાઈટો રદ્દ કરી દેવામાં આવી છે. જ્યારે ખાદ્ય સામગ્રીની હેરાફેરી કરતા કન્ટેનરોની અવરજવરમાં પણ ગતિરોધ થયો છે. વિશેષ કરીને શીપીંગ કંપનીઓએ માલવાહક કન્ટેનરોના ભાડામાં તોતિંગ વધારોકરીદેતા ઉત્તર ગુજરાતમાંથી જીરૂ,વરીયાળી જેવા મસાલા પાકો, ઈસબગુલ, બટાટા જેવા કૃષિપાકોની નિકાસ સાવ અટકી પડી છે.

વેપારી અગ્રણીઓના જણાવ્યા મુજબ શીપીંગ કંપનીઓએ સામાન્ય દિવસોમાં એક કન્ટેનર દીઠ લેવાતા ૧૫૦૦ ડોલર આજુબાજુના ભાડાની સામે હાલમાં ૩૫૦૦ ડોલર વસૂલવામા આવી રહ્યું છે.જેના લીધે એક્સપોર્ટરોના ૨૦૦થી ૩૦૦ કન્ટેનરો હાલમાં શીપયાર્ડ પર તેમજ શીપીંગ લાઈન પર હોલ્ટ પર અટવાયેલા પડ્યા છે. તેમણે કોમર્સ મંત્રી સમક્ષ શીપીંગ કંપનીઓ દ્વારા બિનજરૂરી શીપંગ ભાડામાં વધારો કરવામાં ન આવે તેમાટે દરમિયાનગીરી કરી તાકીદકરાય તેવી રજૂઆત કરી છે. ઉલ્લેખનીય છે કે, મહેસાણા, પાટણ, બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં જીરા અને વરીયાળી સહિતના વિવિધ મસાલા પાકોના કુલ ઉત્પાદન પૈકીનો ૫૫ ટકા માલ ઘરેલુ તેમજ ૪૫ ટકા માલ વિદેશમાં નિકાસ કરવામાં આવે છે.

જો યુદ્ધ હજુ પણ લંબાય તો વેપારીઓને આર્થિક નુકસાન ભોગવવાની નોબત આવે તેમ છે.

એશિયાના સૌથી મોટા ઉંઝા માર્કેટ યાર્ડમાં ૧૫મી માર્ચથી મસાલા પાકોની સિઝન શરૂ થશે. હાલમાં બે હજાર બોરી જીરૂ, વરીયાળી પાંચ હજાર બોરી અને ત્રણથી ચાર હજાર બોરી ઈસબગુલની દૈનિક આવક થાય છે જેમાં જીરૂનો ભાવ સરેરાશ રૂપિયા ૩૭૦૦થી ૪૨૦૦, વરીયાળી રૂપિયા બે હજારથી ૪ હજાર જ્યારે ઈસબગુલ રૂપિયા ૨૫૦૦થી ૨૮૦૦ રૂપિયા સુધીનોભાવ ખેડૂતો મળી રહ્યો છે. મસાલા પાકોના ઉત્પાદન પૈકી પંચાવન ટકા માલની ઘરેલુ માંગ હોય છે. જ્યારે ૪૫ ટકા મસાલા પાકો વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલતા યુદ્ધને લીધે નિકાસની પ્રક્રિયા અટવાઈ ગઈ છે. જો યુદ્ધ હજુ લંબાય તો આ વિસ્તારના વેપારીઓને મોટો આર્થિક ફટકો પડવાની સંભાવના જણાય છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે બટાટાનું પુષ્કળ પ્રમાણમાં ઉત્પાદન થતું હોય છે. જેમાંથી મોટા પ્રમાણમાં બટાટાના જથ્થાની નિકાસ ખાડી દેશોમાં થતી હોય છે. આ વર્ષે ખેડૂતોએ સારા ભાવ મળવાની આશાએ પોતાના ખેતરોમાં બટાટાનું વિપુલ વાવેતર કર્યુ હતું અને વાતાવરણ અનુકૂળ રહેતા બટાટાના ઉત્પાદનમાં પણ ઉછાળો આવ્યો છે પરંતુ એકાએક ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ શરૂ થતા જ બટાટાના નિકાસની પ્રક્રિયા અટકી પડતા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. મોટાભાગના કોલ્ડ સ્ટોરેજમાં બટાટાનો ભરાવો થતા હાઉસફુલ થઈ ગયા છે. જેના ફળસ્વરૂપ હાલમાં બટાટાના ભાવમાં જોરદાર ઘટાડો થઈ ચૂક્યો છે. પ્રતિમણ માત્ર ૧૦૦ રૂપિયાની આસપાસ ભાવ બોલાતા ખેડૂતો અને વેપારીઓ ચિંતામાં મુકાયા છે.

### તારીખવાર શિડ્યુલ જાહેર

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન

ખંભાળીયા તા. ૧૨: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૧૩-૩ના બારીસા, તા. ૧૭-૩ના શીવરાજપુર, તા. ૨૨-૩ના શામળાસર ગામમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે.

કલ્યાણપુર તાલુકામાં તા. ૧૩-૩ના સૂર્યાવદર, તા. ૧૮-૩ના કનકપરમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે.

ભાણવડ તાલુકામાં તા. ૧૩,૧૭ અને ૨૦ ના શીવા, મોરઝર અને રૂપામોરામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જ્યારે ખંભાળીયામાં તા. ૧૭-૩ ના કુહાડીયામાં આ કાર્યક્રમ યોજાશે.

### લાલપુર માર્કેટ યાર્ડ

| | | |
|---|---|---|
| મગફળીજીણી | ૧૧૦૦ | ૧૧૨૫ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૨૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૫૭૦ |
| ચણા | ૯૮૫ | ૧૦૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૪૫ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૫૨ |
| રાય | ૧૨૦૦ | ૧૨૨૦ |
| સીંગફાડા | ૧૩૨૦ | ૧૩૭૦ |

### ઈઝરાયલ-યુએઈને નિશાન...

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

મુજબ, લગભગ ૫૩% લોકો ઈરાન સામે યુએસ લશ્કરી કાર્યવાહીનો વિરોધ કરે છે. લગભગ ૪૦% લોકો તેનું સમર્થન કરે છે, જ્યારે ૧૦% અનિશ્ચિત છે. મોટી સંખ્યામાં લોકો પેટ્રોલ અને ગેસના ભાવમાં વધારો થવા અંગે પણ ચિંતિત છે. આ સર્વેક્ષણો જાહેર વાતચીત પર આધારિત છે. સર્વેક્ષણના ૭૫% ઉત્તરદાતાઓ ઈરાનમાં યુએસ ભૂમિ સૈનિકો મોકલવાનો વિરોધ કરે છે, જ્યારે ફક્ત ૨૦% લોકો તેનું સમર્થન કરે છે.

સર્વેક્ષણમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે ઘણા અમેરિકનો ચિંતિત છે કે જો અમેરિકા ઈરાન સામે યુદ્ધ અથવા લશ્કરી હુમલો કરે છે, તો તે યુએસ સુરક્ષાને વધારવાને બદલે ખતરો વધારી શકે છે.

જો કે, તેઓ ઈરાનને યુએસ સુરક્ષા માટે ખતરો પણ માને છે. આ પરિસ્થિતિ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે પડકાર પણ ઉભી કરી શકે છે. જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો તે આર્થિક અસ્થિરતામાં વધારો કરી શકે છે.

સર્વેમાં સામેલ મોટી સંખ્યામાં અમેરિકનોએ જણાવ્યું હતું કે તેઓ તેલ અને ગેસોલિનના વધતા ભાવ અંગે ચિંતિત છે. મોટાભાગના લોકો માને છે કે ઈરાન સામે યુએસ કાર્યવાહી ઓછામાં ઓછા ઘણા મહિનાઓ સુધી ચાલી શકે છે. રિપબ્લિકન સમર્થકો સામાન્ય રીતે રાષ્ટ્રપતિ ટ્રમ્પની સાથે ઉભા છે, પરંતુ તેઓ પણ ઈરાનમાં યુએસ ભૂમિ સૈનિકો મોકલવાના પક્ષમાં નથી.

### સારો ભાવઃ સુચારૂ વ્યવસ્થા

# જામજોધપુર યાર્ડમાં એક જ દિવસમાં ૬૦ હજાર ગુણીની આવક થતા ચોતરફ ધાણાં...ધાણાં...

જામજોધપુર તા. ૧૨: જામજોધપુર યાર્ડમાં આજે ધાણાંની મબલખ આવક થતા યાર્ડ ધાણાંથી છલકાઈ ગયું હતું. આજે એક જ દિવસમાં સાંઈઠ હજાર ગુણી ધાણાંની આવક નોંધાઈ હતી. ખેડૂતોને હાલ ધાણાંના ખૂબ જ સારા ભાવ મળી રહ્યા છે. ખેડૂતોને ધાણાંના વેંચાણમાં તકલીફ ન પડે તે માટે યાર્ડ દ્વારા સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં

# શાંતિપૂર્ણ રીતે ચાલતી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઃ એક પણ ગેરરીતિ-કોપી કેસ નહીં

ખંભાળીયા તા. ૧૨: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે. તથા મુખ્ય પેપરોમાં પણ એકપણ ગેરરીતિ, ચોરી, કે કોપીકેસ નોંધાયા નથી.

દરેક પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી તથા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તથા પરીક્ષા સમય દરમ્યાન વીજ પુરવઠો જળવાઈ રહે તથા પ્રશ્નપત્રો તથા સાહિત્ય સમયસર સમગ્ર જિલ્લાના તમામ કેન્દ્રો પર પહોંચે તેવી વ્યવસ્થા પણ ગોઠવાઈ છે.

જિલ્લામાં રાજકોટથી બોર્ડની ફલાઈંગ સ્કવોડ આચાર્ય સ્કવોડ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું તથા મહત્વના પ્રશ્નપત્રોમાં જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના દ્વારા પ્રાંત અધિકારીઓને પણ પરીક્ષા સ્થળો પર ચેકીંગ કરવા મોકલ્યા હતા, પણ ક્યાંય કોઈ ગેરરીતિ કે કોપી કેસ નોંધાયા નથી.

જિલ્લા શિક્ષણાધિકારી ડો. હર્ષવર્ધનસિંહ જાડેજા દ્વારા દરરોજ જુદા જુદા ગામોના કેન્દ્રોની રૂબરૂ મુલાકાત કરવામાં આવી રહી છે. તા. ૧૮-૩-૨૬ના પરીક્ષાની પૂર્ણાહુતિ થશે. સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ ધો. ૧૦ અને ૧૨માં ક્યાંય ગેરરીતિનો કેસ નોંધાયો નથી.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

સામાન્ય રીતે અદાલતો નક્કર તથ્યો, બંધારણ, નિયમ-કાયદા અને પૂરાવા-આધારો-દસ્તાવેજોના આધારે જ નિર્ણયો લેતી હોય છે, પરંતુ ૧૩ વર્ષથી કોમામાં રહેલા ૩૧ વર્ષના યુવાનને ઈચ્છામૃત્યુની મંજુરી આપીને સર્વોચ્ચ અદાલતે એક સંવેદનશીલ અને ભાવનાત્મક ફેંસલો પણ સંભળાવ્યો છે.

ગઈકાલથી પંજાબ-હરિયાણા હાઈકોર્ટે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧, જે એન.આઈ. એક્ટ તરીકે ઓળખાય છે, તેને લઈને આપેલો ફેંસલો દેશવ્યાપી ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. પંજાબ અને હરિયાણા એવા રાજ્યો છે, જેની રાજધાની ચંદીગઢ છે, જે એક કેન્દ્રશાસિત પ્રદેશ છે, અને પંજાબ અને હરિયાણાની હાઈકોર્ટ રાજધાની ચંદીગઢમાં છે, જે પંજાબ-હરિયાણા હાઈકોર્ટ તરીકે ઓળખાય છે. આ હાઈકોર્ટે એન.આઈ. એક્ટ હેઠળ આવતા ચેક રિટર્નના એવા કેસો તથા તેની અપીલોને પહેલા મેડિયેશન માટે મોકલવાનો નિર્દેશ કર્યો છે. અદાલતે કહ્યું કે એન.આઈ.એક્ટના તમામ કેસો સીજેએમ અથવા જેએમએફસી જેવી ટ્રાયલ કોર્ટો દ્વારા મેડિયેશન માટે ન મોકલ્યા હોય, તેવા કેસો મધ્યસ્થતા માટે મોકલવા જ જોઈએ. અદાલતે એમ પણ કહ્યું કે ચેક બાઉન્સના કેસો સામાન્ય રીતે એક પ્રકારના ખાનગી વ્યવહારો છે, જેમાં સ્ટેટ (રાજ્ય) ને પક્ષકાર બનાવી ન શકાય. પંજાબ-હરિયાણા કોર્ટનો આ નિર્દેશ ગઈકાલથી ટોક-ઓફ દ નેશન બન્યો છે, અને માત્ર કાનૂની ક્ષેત્રે જ નહીં, પબ્લિકમાં પણ આ નિર્દેશોની તરફેણમાં અભિપ્રાયો વ્યક્ત થઈ રહ્યા છે.

આ ઉપરાંત કાનૂની ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રમાં પણ દિલ્હીની ટ્રાયલ કોર્ટે જેને શરાબ કૌભાંડ કેસમાં નિર્દોષ છોડી મુક્યા હતા, તે કેજરીવાલ, સિસોદીયા સહિત ૨૩ આરોપીઓ તરફથી દિલ્હીની હાઈ કોર્ટના જસ્ટિસ સ્વર્ણકાંતા શર્મા પર વિશ્વાસ નહીં હોવાનું જણાવીને સીબીઆઈએ કરેલી અપીલની સુનાવણી કોઈ અન્ય 'નિષ્પક્ષ' બેન્ચ કરે તેવી માંગણી કરી છે, તેની પણ દેશવ્યાપી ચર્ચા થઈ રહી છે, "આપ"ના એક નેતાએ કોઈ ચોક્કસ જજને ભાજપ સાથે શું સંબંધ છે ? તેવો સવાલ પણ ઉઠાવ્યો હોવાની ચર્ચા મીડિયામાં થઈ રહી છે...ગત તા. ૨૭ ફેબ્રુઆરીના દિવસે ટ્રાયલ કોર્ટે શરાબ કૌભાંડમાં કેજરીવાલ-સિસોદીયા સહિતના આરોપીઓને નિર્દોષ છોડી દીધા પછી સીબીઆઈને અપીલમાં રાહત મળી અને હવે પછીની સુનાવણી હાઈકોર્ટમાં ૧૬મી માર્ચે થવાની છે, ત્યારે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ આરોપીઓ તરફથી કરાયેલી માંગણીનો મુદ્દો ઘણી બધી દૃષ્ટિએ મહત્વપૂર્ણ બન્યો છે, કારણ કે આ પ્રકારની માંગણી પણ ન્યાયતંત્રની તટસ્થતા સામે સવાલ ઉઠાવે છે અને ચીફ જસ્ટિસનો કોઈપણ નિર્ણય ન્યાયતંત્રની વિશ્વસનિયતા અને તટસ્થતા અંગે થયેલા આક્ષેપોની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ દર્શાવનારો હશે, જોઈએ, હવે શું થાય છે તે...

ગુજરાત વિધાનસભામાં હાલારના એક ધારાસભ્યે પૂછેલા પ્રશ્નના જવાબમાં જામનગરની એક સ્કૂલને કરાયેલા દંડની વિગતો અપાઈ હોવાનો મુદ્દો હાલારમાં ચર્ચાનો વિષય બન્યો હતો અને ફી વધારા અંગેનો આ મુદ્દો પણ સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો હોવાની વાતો વહેતી થયા પછી એક તરફ ખાનગી શાળા સંચાલકો દ્વારા ઉઘરાવાતી તોતીંગ ફી, બીજી તરફ રાજ્ય સરકારની ફી નિર્ધારણ સિસ્ટમ અને ત્રીજી તરફ વાલીઓ-વિદ્યાર્થીઓના હિત તથા શાળા સંચાલકોની વિટંબણાઓ અંગે પણ ભિન્ન-ભિન્ન પ્રત્યાઘાતો પડી રહ્યા છે, ત્યારે, જોઈએ, હવે શું થાય છે તે...